PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/કવા–૦૧/૧૭–૧૮/ ૫૫૨૬ તા. ૨૯/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સદભાવ સીરામીક્સ,
શ્રી રામ નિવાસ, નવી આદર્શ સોસાયટી,,
સરદાર બાગ ની પાછળ, શનાળા રોડ,,
મોરબી
મો: ૯૯૭૮૧ ૮૮૬૬૬, ૯૫૮૬૧ ૨૩૬૬૬

વિષય :–રાત્રી ના પાવર બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૬/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 03/D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૪૬/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૪–૦૬–૧૭ | સ્થળ : મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સદભાવ સીરામીક્સ, ગામ: મોરબી**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : – કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, વાકાનેર**

**રજુઆત કરનાર :બી.ડી.ઝાલાવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, વાકાનેર)**

## : હુકમ :

**ફરીયાદ : રાત્રી ના પાવર બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગ્રાહક નં. : ૨૬૩૬૪ ( સીડી –૪૫૦ કેવીએ) વાળા એચ.ટી. જોડાણ , જે અગાઉ તા.૧૫–૦૧–૨૦૦૮ થી એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ ચાલુ થયેલ છે. અને તેઓ શ્રી એ, આ જોડાણ મા, '' નાઈટ ટેરીફ – એચ.ટી.પી–૪ કેટેગરી '' મા બીલીગ સ્વીકારેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, '' એચ.ટી.પી–૪ કેટેગરી હેઠળ ના બીલીગ ઘોરણ – જેનાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ ૪૦ પૈસા ના ટેરીફ '' મુજબ ના ઘોરણે કરવાને બદલે, તેઓ શ્રી ના સદર જોડાણ ના નિયમીત વીજબીલો મા, પીજીવીસીએલ તરફથી આ મુજબ નુ – નાઈટ ટેરીફ – મુજબ ની ગણતરીએ બીલીગ થયેલ ન હોય, જે બાબત, નામાદાર જીઈઆરસી પ્રારીત એવા, વર્ષ–૨૦૧૫–૧૬ ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ ની વિરૂધ્ધ હોય, જેથી, તેઓ શ્રી ને, તેમની માંગણી મુજબ ના સવાલવાળા અગાઉ ના વીજબીલો મા, '' નાઈટ ટેરીફ મુજબ, પ્રતિ યુનીટ ૪૦ પૈસા ની ગણતરીએ '' રીવાઇઝ ગણતરીએ વીજબીલો આપી અને તફાવતીય રકમ, તેમના બીલીગ ખાતામા જમા કરવા માટે, અગાઉ તેઓ શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા, તા.૦૨–૧૧–૨૦૧૬ અને તા.૧૫–૦૧–૨૦૧૭, તેમજ તા.૨૧–૦૩–૧૭ અને તા.૦૭–૦૫–૧૭ ના રોજ અરજીઓ આપેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આ મુજબ નુ, બીલીગ રીવીઝન થયેલ ન હોય, આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર શ્રી ના સદર ગ્રાહક નં. : ૨૬૩૬૪ વાળા એચ.ટી. જોડાણ ( સીડી ૪૫૦ કેવીએ) મા, અગાઉ '' નાઈટ ટેરીફ – એચ.ટી.પી–૪ કેટેગરી '' મા બીલીંગ સ્વીકારેલ છે. પરંતુ, અરજદાર શ્રી તેમના સદર જોડાણ મા, તા.૧૫–૦૧–૨૦૦૮ ના રોજ ચાલુ થયા પછી તુરંત જ, '' પોલીફેઇઝ મીટર મા ટાઈમ સ્વીચ '' મુકી અને પીજીવીસીએલ ને લેખીત જાણકારી આપેલ ન હતી. પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામાદાર જીઈઆરસી ના, અગાઉ ના વર્ષ–૨૦૦૮–૦૯ થી આજદિન સુધી ના તમામ '' ટેરીફ ઓર્ડર'' મા, કરાયેલ જોગવાઈ મુજબ, '' પોલીફેઇઝ મીટર અને ટાઈમ સ્વીચ અરજદાર શ્રી એ સ્વખર્ચે ખરીદવાની હોય છે, તેમજ જોડાણ મા લગાડવાની હોય છે. અને તે મુજબ, પોલી ફેઇજ મીટર અને ટાઈમ સ્વીચ લગાડાયાની જાણકારી, અરજદાર શ્રી એ વીજકંપની ને આપવાની હોય છે. જેથી, વીજકંપની દ્વારા આ મુજબ ના પોલીફેઇઝ મીટર નુ સીલીંગ કરવામા આવે છે. ''આમ, પીજીવીસીએલ તરફથી, ટાઈમ સ્વીચ અને પોલીફેઇઝ મીટર નુ ઓબ્ઝર્વ થયા પછી જ, આ જોડાણ મા, અગાઉ ઓપ્ટ થયા મુજબ, પોલીફેઇઝ મીટર તેમજ ટાઈમ સ્વીચ લગાડયા પછી ના બીલો મા, ''જે નાઈટ અવર્સ – રાત્રી ના ૧૦ થી સવાર ના ૦૬ દરમ્યાન – પ્રતિ યુનીટ – પ્રવર્તમાન રકમ ની ગણતરીએ – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' બીલીગ કરવામા આવે છે. |

| | |
|---|---|
| **૨.૨** | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી એ તેમનુ જોડાણ ચાલુ થયા તા.૧૫–૦૧–૨૦૦૮ ના રોજ ચાલુ થયા પછી તુરંત જ, પોલીફેઇઝ મીટર મા ટાઈમ સ્વીચ '' મુકાયેલ ન હતી. તેમજ, અગાઉ પોલીફેઇઝ મીટર તેમજ ટાઈમ સ્વીચ લગાડયા સબબ ની લેખીત જાણકારી, અરજદારે પીજીવીસીએલ મા પણ આપેલ ન હતી. આવા કારણોસર – આ મુજબ ના ટાઈમ સ્વીચ વગર ના સમયગાળા ના, અગાઉ ના તમામ વીજબીલો – જે '' નાઈટ અવર્સ – એચ.ટી.પી.–૪ ટેરીફ ને બદલે, નિયમીત એચ.ટી.પી.–૧ ટેરીફ હેઠળ ની ગણતરીએ, પીજીવીસીએલ તરફથી અપાયેલ હતા. |
| **૨.૩** | હવે, આ જોડાણ મા, અરજદાર શ્રી એ જયાર થી, '' પોલીફેઇઝ મીટર તેમજ ટાઈમ સ્વીચ '' લગાડેલ હોવાનો દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ મા રજુ કરેલ છે, અને પીજીવીસીએલ તરફથી, તે ઓબ્ઝર્વ કરીને સીલીંગ કરેલ છે, તે સમયગાળા પછી ના, જે તે માસ માટે ના '' રાત્રી વપરાશ '' મુજબ જણાયેલ બીલીંગ યુનીટ ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામાદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ હેઠળ આવરી લઈ, અને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' નુ રીવાઇઝ બીલીંગ કરવામા આવશે. એટલેકે, અગાઉ સદર જોડાણ મા, જે '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીંગ થયેલ છે, તે પોલીફેઇઝ મીટર તેમજ ટાઈમ સ્વીચ લગાડયા પછી ના, સમયગાળા ના તમામ બીલો ને, '' નાઈટ અવર્સ '' મુજબ ની જોગવાઈ હેઠળ ના પ્રતિ યુનીટ ની રકમ મુજબ ની ગણતરીએ, રીવાઇઝ કરવામા આવશે. આ રીવાઇજ ગણતરી મુજબ, અરજદાર શ્રી ને પરત આપવા પાત્ર થતી રકમ, જે પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની જાણકારી, હાજરી હેઠળ, સદર જોડાણ ના બીલીંગ ખાતામા જમા કરવામા આવશે. આમ, સદર રીવીઝન, જે અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તેમની ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર કેઈસ મા, તે મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા દર્શાવેલ જોગવાઈઓ ને આનુષાંગીક હોવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. અને તે અન્વયે, અરજદાર શ્રી ની માંગણી મુજબ નુ, તા.૧૫–૦૧–૨૦૦૮ થી ચાલુ થયેલ હોય એવા સદર એચ.ટી.પી–૧ કેટેગરી હેઠળ નુ બીલીંગ, '' જે પોલીફેઇઝ મીટર અને ટાઈમ સ્વીચ '' હૈયાત એચ.ટી.પી.–૧ કેટેગરી હેઠળ ના જોડાણ મા લગાડયા પછીના સમયગાળા ના – અગાઉ અપાયેલ તમામ નિયમીત વીજબીલો – જે તે માસ માટે ના '' રાત્રી વપરાશ '' મુજબ જણાયેલ બીલીંગ યુનીટ ને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા નામાદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ ધોરણો અને જોગવાઈઓ હેઠળ આવરી લઈ, અને – નાઈટ ટેરીફ મુજબ ના ધોરણે'' નુ રીવાઇઝ બીલીંગ કરવામા આવશે. એટલેકે, અગાઉ સદર જોડાણ મા, જે '' એચ.ટી.પી–૧ કેટેગરી '' હેઠળ નુ બીલીંગ થયેલ છે, તે પોલીફેઇઝ મીટર તેમજ ટાઈમ સ્વીચ લગાડયા પછી ના, સમયગાળા ના તમામ બીલો ને, '' નાઈટ અવર્સ '' મુજબ ની જોગવાઈ હેઠળ ના પ્રતિ યુનીટ ની રકમ મુજબ ની ગણતરીએ, રીવાઇઝ કરવામા આવશે. આ રીવાઇજ ગણતરી મુજબ, અરજદાર શ્રી ને પરત આપવા પાત્ર થતી રકમ, જે પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની જાણકારી, હાજરી હેઠળ, સદર જોડાણ ના બીલીંગ ખાતામા જમા કરવામા આવશે. આમ, સદર રીવીઝન, જે અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, અને તેમની ફરીયાદી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર કેઈસ મા, તે મુજબ નો, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ, જે અભિપ્રાય વ્યકત થયેલ છે, તે અભિપ્રાય નામાદાર જીઈઆરસી ના પ્રવર્તમાન ટેરીફ ઓર્ડર મા કરાયેલ ધોરણો અને જોગવાઈઓ ને આનુષાંગીક હોય, ફોરમ કમિટી તરફથી, યોગ્ય અને વ્યાજબી રીતે માન્ય રખાયેલ છે. અને પીજીવીસીએલ પક્ષકાર ને, તે મુજબના ધોરણે, '' રીવાઇઝ કરવા પાત્ર યોગ્ય એવા તમામ માસ ના બીલોને – નાઈટ ટેરીફ યુનીટ ના ધોરણે ની ગણતરી હેઠળ'' દિન–૧૦ મા, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, રીવાઇઝ કરી, અને તે મુજબ નો લેખીત પત્ર, અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવી, અને તે મુજબ નો અહેવાલ, ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, નિરાકરણ કરવા માટ્નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.લીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી **જો નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.